Press Release

આંધ્રપ્રદેશ પ્રવાસન વિભાગ તિરુપતિની સાથે શ્રીકાલહસ્તીશ્વર મંદિરને પ્રોત્સાહન આપશે

- હજારો શ્રદ્ધાળુઓ કાલસર્પદોષનિવારણ કે રાહુ-કેતુ પૂજા માટે મંદિરની દર્શને આવે છે
- મંદિર 10 દિવસની મહાશિવરાત્રિ ઉજવણી માટે પ્રસિદ્ધ છે

મુંબઈ, 17 જૂન, 2016: આંધ્રપ્રદેશના ચિત્તૂર જિલ્લામાં સ્થિત શ્રીકાલહસ્તીશ્વર મંદિર 1000 વર્ષથી વધારે જૂનું છે. આ પ્રાચીન મંદિર તિરુપતિ એરપોર્ટ પરથી ફક્ત 20 કિમીના અંતરે સ્થિત છે.

પલ્લવ અને ચોલ સમ્રાટો તથા વિજયનગરના મહારાજાઓએ બનાવેલું અને વિકસાવેલું આ ભવ્ય મંદિર તેના સુંદર સ્થાપત્ય માટે પ્રસિદ્ધ છે. તે કાલસર્પદોષનિવારણ માટે પણ જાણીતું છે, જેની પૂજા રાહુ-કેતુ પૂજા તરીકે જાણીતી છે. દરરોજ હજારો ભક્તો દ્વારા કરવામાં આવતી આ 45 મિનિટની પૂજા હિંદુ ધર્મ પ્રમાણે ગ્રહ દોષ અને ગ્રહોના ફેરફારોની નુકસાનકારક અસરોને દૂર કરે છે. આ મંદિરની પોતાની ગૌશાળા છે અને રહેઠાણ તથા ભોજન માટેની મોટા પાયે સુવિધા ધરાવે છે. અહીં એક કુંડ પણ છે, જ્યાં મહર્ષિ ભારદ્વાજે તપ કર્યું હતું.

શ્રીકાલહસ્તીશ્વર મંદિરની મુલાકાત લેવાનો અને કાલસર્પદોષનિવારણની પૂજા કરાવવાનો શ્રેષ્ઠ સમય રાહુ કાળ છે, કારણ કે આ સમય અતિ શક્તિશાળી ગણાય છે. પૂજા સવારે 6.30થી શરૂ થાય છે અને સાંજના 6 વાગ્યા સુધી તમે કોઈ પણ સમયે કરાવી શકો છો. વધારે વિગત મેળવવા આ લિંક જુઓ: http://gotirupati.com/sri-kalahasti-rahu-ketu-pooja.

શ્રીકાલહસ્તીશ્વર મંદિર 10 દિવસ લાંબી મહાશિવરાત્રિની ઉજવણી માટે પણ જાણીતું છે, જે ફેબ્રુઆરી કે માર્ચ મહિના દરમિયાન ઉજવાય છે.

મંદિરથી એક કલાકના અંતરે સુંદર, રળિયામણું પુલિકેટ સરોવર છે, જે તેના સુંદર પક્ષી અભયારણ્ય માટે પ્રસિદ્ધ છે, જ્યાં તમને યાયાવર પક્ષીઓ જોવા મળી શકે છે. કાલહસ્તી મંદિરની બીજી બાજુ આશરે 40 કિમીના અંતરે જગપ્રસિદ્ધ તિરુપતિ બાલાજી મઠ છે. આ મંદિરો હવાઈ, રોડ અને રેલવે સેવાઓ દ્વારા દેશના તમામ વિસ્તારો સાથે સારી રીતે જોડાયેલા છે.

વધારે માહિતી મેળવવા કૃપા કરીને મુલાકાત લો:

શ્રી રમા નાયડુ વાઇસ પ્રેસિડન્ટ – એડફેક્ટર્સ પીઆર 9920209623 Rama.naidu@adfactorspr.com	શ્રી રાહુલ જૈન એકાઉન્ટ ડિરેક્ટર – એડફેક્ટર્સ પીઆર 9867567534 Rahul.jain@adfactorspr.com